પ્રાપ્તિ તારીખ: ૨૭/૧૨/૨૦૧૮.
નોંધ્યા તારીખ: ૨૭/૧૨/૨૦૧૮.
ફેંસલ તારીખ: ૧૫/૦૪/૨૦૨૬.
સમય – <u>વર્ષ માસ દિવસ.</u>
૦૭ ૦૩ ૧૯

**<u>મે. માંગરોલના ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં.મુ.માંગરોલ</u>**

ફોજદારી કેસ નંબર : ૧૨૧૨/૨૦૧૮.
આંક : – ૭૦

| | | |
|---|---|---|
| ફરીયાદી | | શ્રી સરકાર |
| | | વિરૂધ્ધ |
| આરોપી | ૧ | અવધેશ પરાગ પાલ.<br>રહેવાસી. ઘાટમપુર, તા. લમ્બુહા, થાના– લમ્બુહા, જી.સુલતાનપુર, યુ.પી. |
| | ૨ | હારૂન મહમદ મલ્લા.<br>રહેવાસી. ફુલવાડી, ભરીમાતા રોડ, હોળી બંગલા વરીયાળી બજારની સામે, સુરત. |
| | ૩ | જીતેન્દ્રભાઇ ઉર્ફે જીતુ જયંતીભાઇ કોરાટ.<br>રહે. ૬૦૨, કુમકુમ રેસીડેન્સી, કામરેજ ગામની સામે, તા.કામરેજ, જી.સુરત. |
| ગુન્હો | | ઇ.પી.કો.ક. ૪૦૭, ૧૨૦(બી), ૩૪ તથા ૪૧૧ મુજબ. |
| ફરીયાદ પક્ષ | | વિધ્વાન વકીલ શ્રી એસ.આર. વસાવા. |
| બચાવપક્ષે | | વિધ્વાન વકીલ શ્રી એ.પી. શાહ. |

**– ઠરાવ –**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હિકકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા–૨૮/૦૯/૨૦૧૮ના રોજ કલાક–૧૮/૩૦ વાગ્યાના આસપાસ મોજે કોસબા ગામની સીમમા આવેલ ખોડીયાર પેટ્રોલ પંપની પાછળ ખુલ્લી જગ્યામાં આ કામના આરોપી નં (૧) તથા (૨) નાઓએ પોતાના કબજાના ટેંકર નં GJ–12–BT–1383 મા અદાણી પોર્ટ હજીરા થી સ્ટાઈરૈન મોનોમેર નામનું કેમીકલ ભરીને સદર કેમીકલ નો જથ્થો વડોદરા નંદેસરી ખાતે ખાલી કરવા આ કામના ફરીયાદીશ્રી નાઓએ સોપેલ હોય તેમ છતા આરોપી નં (૧) તથા (૨) નાઓએ કેમીકલની ચોરી કરવા સારૂ આ કામના આરોપી નં. (૩), (૪) તથા (૫) નાઓની સાથે અગાઉથી કાવતરૂ રચી પોતાના આર્થિક ફાયદા માટે ટ્રાન્સપોર્ટના શેઠ તથા કેમીકલનો જથ્થો સપ્લાય કરનાર તથા કેમીકલ મંગાવનારની જાણ બહાર ટેન્કર માંથી આશરે – ૩૨૦ લીટર સ્ટાઈરૈન મોનોમેર નામનુ કેમીકલ કિ.રૂ.૩૨,૦૦૦/–ના મુદ્દામાલની ચોરી કરી ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ચોરી કરેલ કેમીકલ આશરે ૩૨૦ લી. કિ.રૂ.૩૨,૦૦૦/– તથા આઈશર ટેમ્પા નં – GJ–23–Y–9969 ની પાછળ ખાલી પ્લાસ્ટીક ના બેરલ નંગ – ૨૩ કિ.રૂ. ૯,૨૦૦/–, પ્લાસ્ટીક ના કાળા રંગના ૩૫ લીટર ના ખાલી કેરબા નંગ–૩ તથા ભુરા રંગના ખાલી કેરબા નંગ – ૧૦ મળી કુલ નંગ – ૧૩ ખાલી કેરબાની કિ.રૂ.–૧૩૦૦/– ગણી તેમજ કેમીકલ કાઢવા માટે નંગ–૨ પ્લાસ્ટીકની ગરણી તથા નંગ –૨ પ્લાસ્ટીકની પાઈપ તથા નંગ–૩ પ્લાસ્ટીક ની ડોલ જેની કિ.રૂ.૦૦/૦૦ તેમજ આઈરસર ટેમ્પો નં જી.જે–૨૩–વાય–૯૯૬૯ ની કિ. રૂ.૭,૦૦,૦૦૦/–ગણી કિલ્લે કિ.રૂ.૭,૪૨,૦૦૦ ના મુદ્દામાલ સાથે પકડાઈ જાઇ આ કામના આરોપી નં. (૧) થી (૪) નાઓ પકડાય જઈ તેમજ તહો નં(૫) નાઓને વોટડ જાહેર કરી પાછળથી પકડાઈ જઈ ગુનો આચરેલ, જેથી આરોપી વિરુધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ – ૪૦૭, ૧૨૦(બી), ૩૪ તથા ૪૧૧ હેઠળના ગુન્હા બાબતે ફરિયાદ નોંધવામાં આવેલ હતી.

(૨) ફરીયાદીની ફરીયાદનાં આધારે કોસંબા પોલીસે ગુનો માંગરોળ પોલીસ સ્ટેશને નોંધી લાગતા વળગતાં સાહેદોનાં નિવેદનો નોંધી જરૂરી પંચનામા કરી

તપાસનાં અંતે આરોપીઓ સામે પુરતા પુરાવા મળી આવતાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી થવા સારુ રજુ કરેલ છે.

(૩) અદાલતમાં ચાર્જશીટ રજુ થતાં તેને ફોજદારી રજીસ્ટરે નોંધી આરોપીઓને સમન્સ કાઢવામાં આવતાં અને ધોરણસર બજી જતાં આરોપીઓ ના. કોર્ટમાં હાજર થતાં તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલો આપવામાં આવી છે. આ કામના અન્ય આરોપીઓ સામેનો કેસ સેપ્રેટ કરવા હુકમ કરવામં આવેલ છે. ત્યારબાદ અન્ય આરોપીઓ સામેનાં આંક–૨૯ થી તહોમતનામું ફરમાવતાં તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં તેઓનાં નિવેદન આંક–૩૦ થી ૩૨ સુધી નોંધી ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ શંકારહિત પુરવાર કરવા સારુ નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**અ. મૌખિક પુરાવો**

| | | |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ સૌકતખાન સરદારખાન પઠાણની જુબાની. | આંક–૩૭ |
| ૨. | પંચ સાહેદ મજીદખાન સરદારખાન પઠાણની જુબાની. | આંક–૩૯ |
| ૩. | સાહેદ ગુલાબભાઇ ચીંધાભાઇ થોરાતની જુબાની. | આંક–૫૩ |
| ૪. | સાહેદ મુનાફભાઇ ઇસ્માઇલભાઇ મેમણની જુબાની. | આંક–૫૪ |
| ૫. | સાહેદ હરેશભાઇ ભીમસીંભાઇ રબારીની જુબાની. | આંક–૫૯ |
| ૬. | સાહેદ અશોકભાઇ ગણપતભાઇ પટેલની જુબાની. | આંક–૬૪ |
| ૭. | સાહેદ ધર્મેશભાઇ રમેશભાઇ વસાવાની જુબાની. | આંક–૬૬ |

**બ. દસ્તાવેજી પુરાવો**

| | | |
|---|---|---|
| ૧. | મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામું. | આંક–૩૮ |
| ૨. | ફરીયાદ. | આંક–૬૫ |

ફરીયાદપક્ષે પોતાનો પુરાવો બંધ થયાનું મૌખીક રીતે જાહેર કરેલ છે.

(૫) ફરીયાદપક્ષ તરફથી ઉપર મુજબનો સાક્ષી પુરાવો રજુ થયા બાદ આરોપીનો ક્રિ. પો. કોડની કલમ ૩૧૩ મુજબનો વધારાનો જવાબ નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ ફરીયાદપક્ષના કેસનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓએ જણાવેલ છે કે, તેઓની સામે ખોટો કેસ કરવામાં આવેલ છે. ત્યારબાદ બંને પક્ષનાં વિ.વ.શ્રી ઓની દલીલો સાંભળવામાં આવેલ છે. આ કામ જજમેન્ટ માટે રાખવામાં આવેલ છે.

(૬) કેસની હકીકતો બંને વિ.વ.શ્રીઓની દલીલો લક્ષમાં લેતાં આ કેસનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયા છે.

**– મુદ્દા –**

૧. શું ફરિયાદપક્ષ શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે, આ કામના આરોપીઓએ તા–૨૮/૦૯/૨૦૧૮ના રોજ કલાક–૧૮/૩૦ વાગ્યાના આસપાસ મોજે કોસબા ગામની સીમમા આવેલ ખોડીયાર પેટ્રોલ પંપની પાછળ ખુલ્લી જગ્યામાં આ કામના આરોપી નં (૧) તથા (૨) નાઓએ પોતાના કબજાના ટેંકર નં GJ–12–BT–1383 મા અદાણી પોર્ટ હજીરા થી સ્ટાઈરેન મોનોમેર નામનું કેમીકલ ભરીને સદર કેમીકલ નો જથ્થો વડોદરા નંદેસરી ખાતે ખાલી કરવા આ કામના ફરીયાદીશ્રી નાઓએ સોપેલ હોય તેમ છતા આરોપી નં (૧) તથા (૨) નાઓએ કેમીકલની ચોરી કરવા સારૂ આ કામના આરોપી નં. (૩), (૪) તથા (૫) નાઓની સાથે અગાઉથી કાવતરૂ રચી પોતાના આર્થિક ફાયદા માટે ટ્રાન્સપોર્ટના શેઠ તથા કેમીકલનો જથ્થો સપ્લાય કરનાર તથા કેમીકલ મંગાવનારની જાણ બહાર ટેન્કર માંથી આશરે – ૩૨૦ લીટર સ્ટાઈરેન મોનોમેર નામનુ કેમીકલ કિ.રૂ.૩૨,૦૦૦/–ના મુદ્દામાલની ચોરી કરી ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ચોરી કરેલ કેમીકલ આશરે ૩૨૦ લી. કિ.રૂ.૩૨,૦૦૦/– તથા આઈશર ટેમ્પા નં – GJ–23–Y–9969 ની પાછળ ખાલી પ્લાસ્ટીક ના બેરલ નંગ – ૨૩ કિ.રૂ. ૯,૨૦૦/–, પ્લાસ્ટીક ના કાળા રંગના ૩૫ લીટર ના ખાલી કેરબા નંગ–૩ તથા ભુરા રંગના ખાલી

કેરબા નંગ – ૧૦ મળી કુલ નંગ – ૧૩ ખાલી કેરબાની કિ.રૂ.–૧૩૦૦/– ગણી તેમજ કેમીકલ કાઢવા માટે નંગ–૨ પ્લાસ્ટીકની ગરણી તથા નંગ –૨ પ્લાસ્ટીકની પાઈપ તથા નંગ–૩ પ્લાસ્ટીક ની ડોલ જેની કિ.રૂ.૦૦/૦૦ તેમજ આઈશર ટેમ્પો નં જી.જે–૨૩–વાય–૯૯૬૯ ની કિ. રૂ.૭,૦૦,૦૦૦/–ગણી કિલે કિ.રૂ.૭,૪૨,૦૦૦ ના મુદ્દામાલ સાથે પકડાઈ જાઈ આ કામના આરોપી નં. (૧) થી (૪) નાઓ પકડાય જઈ તેમજ તહો નં(૫) નાઓને વોટડ જાહેર કરી પાછળથી પકડાઈ જઈ ગુનો આચરી ભારતીય ફોજદારી ધારાની કલમ – ૪૦૭, ૧૨૦(બી), ૩૪ તથા ૪૧૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ

મુદ્દા નં.૦૧ : – નકારમાં

મુદ્દા નં .૦૨ : – આખરી હુકમ મુજબ

(૮) ઉપરોકત નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છેઃ ::

– કા ર ણો –

:: મુદ્દા નંબર : ૧ ની ચર્ચા.

(૮.૧) ફરીયાદપક્ષે આંક–૩૭ થી પંચ સાહેદ સૌકતખાન સરદારખાન પઠાણ ને તથા આંક–૩૯ થી પંચ સાહેદ મજીદખાન સરદારખાન પઠાણ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, જેઓ આંક–૩૮ થી મુદ્દામાલ કબજે કર્યાના પં ચનામાના પંચ સાહેદો છે. તેઓએ તેમની જુબાનીમાં પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે સિવાય પંચનામાની મહત્વની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી.

સદરહું સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી

ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર પંચ સાહેદની આરોપીઓ તર્ફે કોઈ ઉલટતપાસ કરવામાં આવસા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી પંચનામામાં શું લખેલું તેની તેમને ખબર નથી.

(૮/૨) ફરીયાદપક્ષે આંક –૫૩ થી સાહેદ ગુલાબભાઈ ચીંધાભાઈ થોરાતનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, "હુ સને ૨૦૧૮ ની સાલમાં કોસંબા પો.સ્ટે. માં એ.એસ.આઇ. તરીકે ફરજ બજાવતો હતો. ગઈ તા. ૨૮/૯/૨૦૧૮ ના રોજ મને ખાનગી રાહે બાતમી મળેલી કે મોજે કોસંબા ગામની સીમમાં હાઈવે ઉપર આવેલ ખોડીયાર પેટ્રોલપંપની પાછળ ખુલ્લી જગ્યામાં કેમીકલ ભરેલ ટેન્કર નં. જીજે. ૧૨ બીટી૧૩૮૩ ના ચાલક તથા કલીનર પોતાના કબજાનુ ટેન્કર ઉભુ રાખી ટેન્કરના પાછળના ભાગે આવેલ વાલના નટ બોલ્ટ ખોલીને કેમીકલી ચોરી કરે છે તેવી બાતમીના આધારે અમોએ પી.એસ.આઇ. એસ.જે. કડીવાલા સાહેબને બાતમી હકીકતની જાણ કરેલી જેથી તેઓએ બે પંચોના માણસો બોલાવેલા અને તેઓને બાતમી રકીકતથી વાકેફ કરી પંચોના માણસો સાથે કડીવાલા સાહેબ તથા અમો તથા પો.કો. પ્રવિણભાઈ ઓલીયાભાઈ, પો.કો. હરેશભાઈ ભીમસીનાઓ સાથે સરકારી વાહનમાં બેસી બાતમીવાળી જગ્યાએ જવા રવાના થયેલ. બાતમીવાલી જગ્યાએ જતા ઉપરોકત નંબર વાળુ ટેન્કર ઉભેલુ હતુ અને તેની બાજુમાં એક આઈશર ટેમ્પો ઉભેલો હતો અને તેમાં કંઈક ભરતા હતા તેવુ દેખાતા પંચોના માણસોની રુબુમાં ચાર ઇસમોને પકડી પાડેલ તે પૈકી ટેન્કરના ચાલકનુ નામ અવધેશભાઈ પરાગપાલ અને આ ટેન્કરના કલીનર ગુલફામખાન નવાબખાન તથા આઈશર ટેમ્પાના ચાલક જગદીશભાઈ તથા હારુન મોહમદનાઓ હોવાનુ જણાવેલ. તેઓને સાથે રાખી પુછપરછ કરતા ટેન્કરના ચાલકની પાસે કેમીકલની બીલ્ટી માંગતા પોતે બીલ્ટી રજુ કરેલ. બીલ્ટી પ્રમાણે ટેન્કરમાં કુલ ૨૦.૮૩૦ જેટલુ કેમીકલ ભરેલુ હતુ અને આ કેમીકલ હજીરા અદાણી કંપનીમાથી ભરીને વડોદરા

નંદેસરી ખાતે ખાલી કરવાનુ હતુ. આ ચોરી કરવા બાબતે ચાલકને પુછતાં તેઓએ પોતે પોતાના આર્થીક ફાયદા માટે પ્લાસ્ટીકના કેરબામા કાઢી ભરી લઇ વેચાણ આપવાનુ હોવાનુ જણાવેલ જેથી અમારી સાથેના હાજર કડીવાલા સાહેબે વિગતવારનુ પંચનામુ કરી લીધેલ અને આ કામની ફરીયાદ આદીત્ય બલ્ક કેરીયર ટ્રાન્સપોર્ટ હજીરા, સુરતના મેનેજર દીપસીંગનાઓએ ફરીયાદ આપેલી. તપાસ કરનાર અમલદારે મારી પુછપરછ કરેલી. અમારી સાથે રેડમાં હાજર પો.કો. પ્રવિણભાઇ ઓલીયાભાઇનાઓ ગુજરી ગયેલ છે તેની મને જાણ છે. હુ આ કામના આરોપીઓને જોયેથી ઓળખી શકુ તે પૈકી નામદાર કોર્ટમાં બે જણા હાજર છે બાકીના બે જણા હાજર નથી. બચાવ પક્ષે આરોપી નં. ૧ હાજરી મુકિત રીપોર્ટ આપેલ છે. આરોપ નં. ૧ ની ઓળખ અંગે તકરાર નથી. મને મુદદામાલ બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ. મુદદામાલની ઓળખ બાબતે બચાવપક્ષને તકરાર નથી. "

ત્યારબાદ, સદરહું સાહેદની આરોપીઓ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બાતમીના આધારે રેડમાં જવુ હોય તે સૌ પ્રથમ સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની હોય છે. એ વાત ખરી છે કે બાતમી કયા માધ્યમથી મળેલી તે હકીકત નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે બાતમી મળયા બાદ મે જાતે સ્ટેશન ડાયરીમાં નોંધ કરાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાતની મની ખબર નથી કે બાતમી મળ્યા બાદ મે મારા ઉપરી અધિકારીને જાણ કરેલી અને તેઓએ તે સંબેધેની સ્ટેશન ડાયરીમા કરેલી કે કેમ. એ વાત ખરી છે કે બાતમી ચોકકસ કેટલા વાગે મળેલી તે હકકીત મે મારા નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે કોસંબા અને તરસાડી ગામમાં ગ્રામ પંચાયત આવેલી છે. એ વાત ખરી છે કે આ ગામમાં આવેલ દરેક મીલકતને નંબર આપવામાં આવે છે. એ વાત ખરી છે કે બનાવવાળુ ટેન્કર ચોકકસ કઇ મીલકતમાં ઉભેલુ હતુ તે મારા નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળુ ટેન્કર ચોકકસ કઇ મીલકતમાં ઉભુ હતુ તે બાતમી મળ્યા પછી મે તે નંબર શોધખોળ કરવાનો પ્રયત્ન કરેલ નથી. એ વાત ખરી છે કે પંચોને બોલાવવા હુ ગયેલો નથી. એ વાત ખરી છે કે આ કામના પંચ શોકતખાન અને મજીદખાન કોસંબા

પો.સ્ટે.ના સ્થાનિક પંચો છે અને તેઓ ધણા બધા પંનામામા સહી કરતા હોય છે. એ વાત ખરી છે કે અમો બાતમી વાલી જગ્યાએ કયા વાહનમાં ગયેલા તેનો નંબર નિવેદનમાં જણાવેલ નથી કે વાહનમાં અમે ચોકકસ કઇ જગ્યાએ બેસેલા તે પણ જણાવેલ નથી. એ વાત ખરી છે કે કડીવાલા સાહેબે કાસંબાથી નીકળ્યા તે સંબંધેનુ રનીંગ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે ખોડીયાર પેટ્રોલ પંપ ચોકકસ કયા ગામમાં આવેલા તે હુ ચોકકસ કહી શકુ નહી. એ વાત ખરી નથી કે મે મારા નિવેદનમાં ખોડીયાર પેટ્રોલ પંપ કોસંબા ગામની સીમમાં આવેલ હકીકત ખોટી લખાવેલ છે સાહેદ સ્વેછાએ જણાવે છે કે આખો એરીયા કોસંબાનો કહેવાય છે. એ વાત ખરી છે કે આ પેટ્રોલ પંપ વાળા એરીયા કોસંબાનો કહેવાય છે તે બાબતના દસ્તાવેજી પુરાવા અમોએ ત.ક. અમલદારને આપેલ નથી. એ વાત ખરી છે કે ધણીવાર ડ્રાયવરને ઉજાગરો હોય તો તે ગાડી પાર્ક કરી પેટ્રોલ પંપ ઉપર સુતા હોય છે. એ વાત ખરી છે કે ટેન્કર નં. જીજે. ૧૨ બીટી૧૩૮૩ ત્યાં પાર્ક કરેલ હતુ. એ વાત ખરી છે કે ખોડીયાર પેટ્રોલ પંપ ઉપર આ ટેન્કર ચોકકસ કઇ દીશામાં ઉભેલુ હતુ તેની કોઇ ચતુદીશા મારા નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે મે મળી આવેલ આરોપીઓના નામ સરનામાના પુરાવા માંગેલા નહી. એ વાત ખરી છે કે કેમીકલ કેવા પ્રકારનુ હતુ તે હકીકત નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે અમેએ આ કેમીકલ ભરેલ ટેન્કરનુ કાઇ વજનકાંટામાં વજન કરાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે બીલ્ટી મુજબના કેમીકલના વજનમાં ઘટ પડેલ હોય તો જ તે કેમીકલની ચોરી થયેલી કહી શકાય. એ વાત ખરી છે કે ટેન્કરના નટ બોલ્ટ તપાસના કામે કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આ કેમીકલના માલીક કાણ હતા તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે આવી કાઇ બનાવવાળી જગ્યાએ ન ગયેલ હોવા છતા ખોટી ફરીયાદના સમર્થનમાં હુ સાગંદ ઉપર ખાટી જુબાની આપુ છુ."

(૮/૩) ફરીયાદપક્ષે આંક –૫૪ થી સાહેદ મુનાફભાઇ ઇસ્માઇલભાઇ મેમણનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, "હુ ૨૦૧૮ ની સાલમાં ડ્રાયવીંગ કરી મારા પરીવારનુ ગુજરાન ચલાવતો હતો.

હુ તે વખતે મહમદ નવસાદ અશરફ શેખ અમદાવાદવાળાનો માલીકીના આઇશર ટેમ્પામાં ડ્રાયવીંગ કરતો હતો. હુ અમદાવાદથી ભુંગરા લઇને સુરત ખાતે મારા શેઠના કહેવા મુજબ ભાડેથી ખાલી કરવા માટે આવેલ હતો અને ભુંગરા સુરત ખાતે ખાલી કરી બીજે દીવસે અમદાવાદ જવા માટે નીકળેલો ત્યારે સવારના ખોડીયાર પેટ્રોલ પંપ પાસે મારો ટેમ્પો પાર્ક કરી સુઇ ગયેલ હતો ત્યારે મને પોલીસવાળાએ જગાડેલો અને કહેલ કે ટેમ્પો કીમ ચોકડી સુધી લઇ જવાનો છે જેથી મે હા પાડેલી અને ખોડીયાર પેટ્રોલ પંપથી બેરર ભરેલા હતા તે લઇને હુ કીમ ચોકડી પોલીસની સાથે ગયેલો હતો. પોલીસે ટેમ્પો ત્યાં જપ્ત કરી લીધેલો અને બીજે દીવસે મને પો.સ્ટે.મા બોલાવેલો હતો અને આ બાબતની વાત મે મારા શેઠને જણાવેલી. પોલીસે મને જણાવેલુ કે તુ ગાડીના કાગળીયા લઇ આવ ત્યારે તારો ટેમ્પો છુટશે આ બાબતે મારી પુછપરછ કરેલી નહી. મારો ટેમ્પો પોલીસે કેમીકલમાં જમા કરી લીધેલો. આ આઇશર ટેમ્પો અમોએ નામદાર કોર્ટમાં અરજી કરીને છોડાવી લીધો હતો. પોલીસને મે પોલીસ સ્ટેશને બોલાવેલો ત્યારે ગાડીના કાગળો તથા મારુ લાઇસન્સ રજુ કરેલુ. આ સીવાય મારે બીજુ કંઇ કહેવુ નથી. મને મુદદામાલ બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ નહી કેમકે ઘણો સમય થઇ ગયેલ છે. હુ આ કામના આરોપીઓને જોયેથી ઓળખી શકુ નહી. "

ત્યારબાદ, સદરહું સાહેદની આરોપીઓ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે અમારી ગાડીમાં જે બેરલ મુકેલા તે શેના હતા તે બાબતે મને કાઇ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે આ બેરલો ખુલ્લામાં પડેલા હતા અને બીનવારસી હતા અને કોની માલીકીના હતા તેની ખબર નથી. એ વાત ખરી છે કે અમે માત્ર પોલીસ સ્ટેશને મુકી આવવા માટે જણાવેલુ. આ સીવાય બીજુ કંઇ ખબર નથી.

(૮/૪) ફરીયાદપક્ષે આંક –૫૯ થી સાહેદ હરેશભાઇ ભીમસીંભાઇ રબારીનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, "હુ સને ૨૦૧૮ ની સાલમાં કોસંબા પો.સ્ટે. માં પો.કો. તરીકે ફરજ બજાવતો હતો. ગઇ તા. ૨૮/૯/૨૦૧૮ ના રોજ એ.એસ.આઇ. ગુલાબભાઇ ચીંધાભાઇનાઓને

ખાનગી રાહે બાતમી મળેલી કે મોજે કોસંબા ગામની સીમમાં હાઈવે ઉપર આવેલ ખોડીયાર પેટ્રોલપંપની પાછળ ખુલ્લી જગ્યામાં કેમીકલ ભરેલ ટેન્કર નં. જીજે. ૧૨ બીટી૧૩૮૩ ના ચાલક તથા કલીનર પોતાના કબજાનુ ટેન્કર ઉભુ રાખી ટેન્કરના પાછળના ભાગે આવેલ વાલના નટ બોલ્ટ ખોલીને કેમીકલની ચોરી કરે છે તેવી બાતમીના આધારે તેઓએ પી.એસ.આઇ. એસ.જે. કડીવાલા સાહેબને બાતમી હકીકતની જાણ કરેલી જેથી તેઓએ બે પંચોના માણસો બોલાવેલા અને તેઓને બાતમી હકીકતથી વાકેફ કરી પંચોના માણસો સાથે કડીવાલા સાહેબ તથા અમો તથા પો.કો. પ્રવિણભાઇ ઓલીયાભાઈ વિગેરે સાથે સરકારી વાહનમાં બેસી બાતમીવાળી જગ્યાએ જવા રવાના થયેલ. બાતમીવાલી જગ્યાએ જતા ઉપરોકત નંબર વાળુ ટેન્કર ઉભેલુ હતુ અને તેની બાજુમાં એક આઈશર ટેમ્પો ઉભેલો હતો અને તેમાં કંઈક ભરતા હતા તેવુ દેખાતા પંચોના માણસોની રુબુમાં ચાર ઈસમોને પકડી પાડેલ તે પૈકી ટેન્કરના ચાલકનુ નામ અવધેશભાઈ પરાગપાલ અને આ ટેન્કરના કલીનર ગુલફામખાન નવાબખાન તથા આઈશર ટેમ્પાના ચાલક જગદીશભાઈ તથા હારુન મોહમદનાઓ હોવાનુ જણાવેલ. તેઓને સાથે રાખી પુછપરછ કરતા ટેન્કરના ચાલકની પાસે કેમીકલની બીલ્ટી માંગતા પોતે બીલ્ટી રજુ કરેલ. બીલ્ટી પ્રમાણે ટેન્કરમાં કુલ ૨૦.૮૩૦ જેટલુ કેમીકલ ભરેલુ હતુ અને આ કેમીકલ હજીરા અદાણી કંપનીમાથી ભરીને વડોદરા નંદેસરી ખાતે ખાલી કરવાનુ હતુ. આ ચોરી કરવા બાબતે ચાલકને પુછતાં તેઓએ પોતે પોતાના આર્થીક ફાયદા માટે પ્લાસ્ટીકના કેરબામા કાઢી ભરી લઈ વેચાણ આપવાનુ હોવાનુ જણાવેલ જેથી અમારી સાથેના હાજર કડીવાલા સાહેબે વિગતવારનુ પંચનામુ કરી લીધેલ અને આ કામની ફરીયાદ આદીત્ય બલ્ક કેરીયર ટ્રાન્સપોર્ટ હજીરા, સુરતના મેનેજર દીપસીંગનાઓએ ફરીયાદ આપેલી. તપાસ કરનાર અમલદારે મારી પુછપરછ કરેલી. અમારી સાથે રેડમાં હાજર પો.કો. પ્રવિણભાઈ ઓલીયાભાઈનાઓ ગુજરી ગયેલ છે તેની મને જાણ છે. હુ આ કામના આરોપીઓને જોયેથી ઓળખી શકુ નહી. મને મુદદામાલ બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ. મુદદામાલની ઓળખ બાબતે બચાવપક્ષને તકરાર નથી. "

ત્યારબાદ, સદરહું સાહેદની આરોપીઓ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે બાતમીના આધારે રેડમાં જવુ હોય તો સૌ પ્રથમ સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની હાય છે. એ વાત ખરી છે કે બાતમી કયા માધ્યમથી મળેલી તે હકીકત નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે બાતમી મળયા બાદ મે જાતે સ્ટેશન ડાયરીમાં નોંધ કરાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે બાતમી મળ્યા બાદ મે કે ગુલાબ ચીંધાભાઇએ પી.એસ.અઇા. કડીવાલા સીવાય મારા ઉપરી અધિકારીને જાણ કરેલી નથી. એ વાત ખરી છે કે તે સંબેધેની સ્ટેશન ડાયરીમા નોંધ કડીવાલા સાહેબે કરેલી નથી. એ વાત ખરી છે કે બાતમી ચોકકસ કેટલા વાગે મળેલી તે હકકીત મે મારા નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે કોસંબા ગામમાં ગ્રામ પંચાયત આવેલી છે. એ વાત ખરી છે કે આ ગામમાં આવેલ દરેક મીલકતને નંબર આપવામાં આવે છે. એ વાત ખરી છે કે બનાવવાળુ ટેન્કર ચોકકસ કઇ મીલકતમાં ઉભેલુ હતુ તે મારા નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળુ ટેન્કર ચોકકસ કઈ મીલકતમાં ઉભુ હતુ તે બાતમી મળ્યા પછી મે તે નંબર શોધખોળ કરવાનો પ્રયત્ન કરેલ નથી. એ વાત ખરી છે કે પંચોને બોલાવવા કોણ ગયેલુ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે અમો બાતમી વાલી જગ્યાએ કયા વાહનમાં ગયેલા તેનો નંબર નિવેદનમાં જણાવેલ નથી કે વાહનમાં અમે ચોકકસ કઇ જગ્યાએ બેસેલા તે પણ જણાવેલ નથી. એ વાત ખરી છે કે કડીવાલા સાહેબે કોસંબાથી નીકળ્યા તે સંબંધેનુ રનીંગ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે ખોડીયાર પેટ્રાલ પંપ ચોકકસ કયા ગામમાં આવેલો તે હુ ચોકકસ કહી શકુ નહી. એ વાત ખરી છે કે મે મારા નિવેદનમાં ખોડીયાર પેટ્રોલ પંપ કોસંબા ગામની સીમમાં આવેલ હકીકત ખોટી લખાવેલ છે. એ વાત ખરી છે કે ધણીવાર ડ્રાયવરને ઉજાગરા હોય તે તે ગાડી પાર્ક કરી પેટ્રોલ પંપ ઉપર સુતા હોય છે. એ વાત ખરી છે કે ટેન્કર નં. જી.જે. ૧૨ બીટી૧૩૮૩ ત્યાં પાર્ક કરેલ હતુ. એ વાત ખરી છે કે ખોડીયાર પેટ્રાલ પંપ ઉપર આ ટેન્કર ચોકકસ કઇ દીશામાં ઉભેલુ હતુ તેની કોઇ ચતુદીશા મારા નિવેદનમાં જણાવેલ નથી. એ વાત મને યાદ નથી કે મે મળી આવેલ આરોપીઓના નામ સરનામાના પુરાવા માંગેલા હતા કે કેમ. એ વાત

ખરી છે કે કેમીકલ કેવા પ્રકારનુ હતુ તે હકીકત નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે અમોએ આ કેમીકલ ભરેલ ટેન્કરનુ કોઇ વજનકાંટામાં વજન કરાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે બીલ્ટી મુજબના કેમીકલના વજનમાં ઘટ પડેલ હોય તો જ તે કેમીકલની ચોરી થયેલી કહી શકાય. એ વાત ખરી છે કે ટેન્કરના નટ બોલ્ટ તપાસના કામે કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આ કેમીકલના માલીક કોણ હતા તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે આવી કોઇ બનાવવાળી જગ્યાએ ન ગયેલ હોવા છતા ખોટી ફરીયાદના સમર્થનમાં હુ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ."

(૮/૫) ફરીયાદપક્ષે આંક –૬૪ થી સાહેદ અશોકભાઇ ગણપતભાઇ પટેલનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, "હુ સને ૨૦૧૮ ની સાલમાં કોસંબા પો.સ્ટે. માં અ.હે.કો. તરીકે ફરજ બજાવતો હતો. ગઇ તા. ૨૮/૯/૨૦૧૮ ના રાજ હુ કોસંબા પા.સ્ટે.માં હે.કો. તરીકે હાજર હતો ત્યારે કોસંબા પો.સ્ટે. ફ.ગુંર.નં. ૧૬૯/૨૦૧૮, ઇ.પી.કો. ક. ૪૦૭,૧૨૦(બી),૪૧૧,૩૪ મુજબની ફરીયાદ કોસંબા પો.સ્ટે.ના પી.એસ.ઓ. ધરમેશભાઈ રમેશભાઈ વસાવાનાઓએ ગુનો રજીસ્ટર્ડ કરી આગળની તપાસ થવા માટે અમારા તરફ તપાસ કરેલ સાધનીક કાગળો સાથે અમારી તરફ મોકલી આપેલા. પ્રો. પી.એસ.આઇ. એસ.જે.કડીવાલાનાઓએ પંચનામુ તથા તેઓના રુબરુની ફરીયાદ નોંધેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં રુબરુ તરીકેની સહી પ્રો. પી.એસ.આઈ. એસ.જે.કડીવાલાનાઓની તથા પી.એસ.ઓ. કોસંબા પો.સ્ટે. તરીકે ધરમેશભાઈ રમેશભાઇ વસાવાનાઓની છે જે હુ ઓળખી બતાવુ છુ. અસલ ફરીયાદને રજુ દાખલ આંક– ૬૫ આપવામાં આવે છે. ત્યારબાદ કડીવાલા સાહેબનાઓએ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરી મુદદામાલ કબજે કરેલ. મને આંક– ૩૮ થી રજુ થયેલ પંચનામુ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં એસ.જે.કડીવાલા સાહેબનાઓની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. તપાસ દરમ્યાન તેઓએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો તા. ૨૮/૯/૨૦૧૮ ના રોજ લીધેલા.

ત્યારબાદ ની તપાસ તા. ૭/૧૦/૨૦૧૮ ના રોજ અમેએ સંભાળી લીધેલી. તપાસ દરમ્યાન સાહેદ મહમદ નવસાદ અશરફ શેખ તથા આઇશર ટેમ્પાના ડ્રાયવર મુનાફ ઇસ્માઈલ મેમણનાઓના નીવેદનો લીધેલા તેમજ વોન્ટેડ આરોપી જીતેન્દ્ર ઉરફે જીતુ જયંતિભાઈ કોરાટનાઓને અટક કરેલા. ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ ચાજશીટ કરવા જેટલા પુરતા પુરાવા પડતા હોય ચાજશીટ કરી નામદાર કોર્ટમાં મોકલી આપેલુ. ચાજશીટ કરનાર તરીકેની સહી મારી છે જે હુ ઓળખી બતાવુ છુ. હુ આરોપીને જોયેથી ઓળખી શકુ. આજરોજ આરોપી નામદાર કોર્ટમાં હાજર નથી. બચાવપક્ષે આરોપીનો હાજરી મુકિત રીપોર્ટ આપેલ છે. આરોપીની ઓળખ અંગે તકરાર નથી. "

ત્યારબાદ, સદરહું સાહેદની આરોપીઓ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે આ કામે બે સાહેદોના નીવેદનો લીધા સીવાય વિશેષમાં કોઇ કાર્યવાહી કરેલી નથી. એ વાત ખરી છે કે મે મુદદામાલ વાહન જે જગ્યાએ ઉભેલુ હતુ તેની માલીકી બતાવતા કોઇ પુરાવા મેળવેલા નથી. એ વાત ખરી છે કે ફરીયાદમાં કયા પ્રકારનુ કેમીકલ ટેન્કરમાં છે તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીએ કોઇ નટ બોલ્ટ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે અમોએ મુદદમાલ કેમીકલનુ વજન કરાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે કેમીકલમા ધટ હોય તો વજન કરવાથી જ ખબર પડી શકે. એ વાત ખરી છે કે મુદદામાલ કેમીકલનુ વજન કરાવેલ ન હોવાથી તેમા કેટલી ધટ હતી તે હુ કહી શકુ નહી. એ વાત ખરી નથી કે આરોપી વિરુધ્ધ પુરાવો ન હોવા છતા ખોટુ ચાજશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે મે લીધેલ સાહેદોના નીવેદનો જાતે લખી લીધેલા છે. એ વાત ખરી નથી કે હુ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૮/૬) ફરીયાદપક્ષે આંક –૬૬ થી સાહેદ ધર્મેશભાઈ રમેશભાઈ વસાવાનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, "હુ સને ૨૦૧૮ ની સાલમાં કોસંબા પો.સ્ટે માં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો. ગઈ તા. ૨૮/૦૯/૨૦૧૮ ના રોજ કલાક ૮–૦૦ થી બીજા દીવસે ૮–૦૦ સુધી હુ કોસંબા પો.સ્ટે.મા પી.એસ.ઓ. તરીકે કરજમા હતા તે દરમ્યાન કલાક ૨૧–૩૦ વાગે આ કામના ફરીયાદી દીપકસીંગ શીવપુજનસીંગ

રાજપુતનાઓએ પ્રોબેશ્નલ પી.એસ.આઈ. એસ.જે.કડીવાલા સાહેબનાઓની રુબરુમા એવી ફરીયાદ હકીકત લખાવેલ કે તેઓ તા.૨૮/૦૯/૨૦૧૮ ના રોજ પોતાની નોકરી ઉપર આદીત્ય બલ કેરીયર ટ્રાન્સપોર્ટ, હજીરા,સુરત ખાતે મેનેજર તરીકે ફરજમા હાજર હતા ત્યારે કોસંબા પોલીસે તેઓને જણાવેલ કે કોસંબાની પોલીસ ગઈ તા.૨૮/૦૯/૨૦૧૮ ના રાજ એ.એસ.આઈ. ગુલાબભાઈ ચીંધાભાઈનાઓને ખાનગી રાહે બાતમી મળેલી કે મોજે કોસંબા ગામની સીમમાં હાઇવે ઉપર આવેલ ખોડીયાર પેટ્રોલપંપની પાછળ ખુલ્લી જગ્યામાં કેમીકલ ભરેલ ટેન્કર નં. જીજે. ૧૨ બીટી૧૩૮૩ ના ચાલક તથા કલીનર પોતાના કબજાનુ ટેન્કર ઉભુ રાખી ટેન્કરના પાછળના ભાગે આવેલ વાલના નટ બોલ્ટ ખોલીને કેમીકલની ચોરી કરે છે તેવી બાતમીના આધારે તેઓએ પી.એસ.આઈ. એસ.જે. કડીવાલા સાહેબને બાતમી હકીકતની જાણ કરેલી જેથી તેઓએ બે પંચોના માણસો બોલાવેલા અને તેઓને બાતમી હકીકતથી વાકેફ કરી પંચોના માણસો સાથે કડીવાલા સાહેબ તથા અમો તથા પો.કો. પ્રવિણભાઈ ઓલીયાભાઇ વિગેરે સાથે સરકારી વાહનમાં બેસી બાતમીવાળી જગ્યાએ જવા રવાના થયેલ. બાતમીવાલી જગ્યાએ જતા ઉપરોકત નંબર વાળુ ટેન્કર ઉભેલુ હતુ અને તેની બાજુમાં એક આઇશર ટેમ્પો ઉભેલો હતો અને તેમાં કંઇક ભરતા હતા તેવુ દેખાતા પંચાના માણસોની રુબુમાં ચાર ઇસમોને પકડી પાડેલ તે પૈકી ટેન્કરના ચાલકનુ નામ અવધેશભાઈ પરાગપાલ અને આ ટેન્કરના કલીનર ગુલફામખાન નવાબખાન તથા આઈશર ટેમ્પાના ચાલક જગદીશભાઈ તથા હારુન મેહમદનાઓ હોવાનું જણાવેલ. તેઓને સાથે રાખી પુછપરછ કરતા ટેન્કરના ચાલકની પાસે કેમીકલની બીલ્ટી માંગતા પોતે બીલ્ટી રજુ કરેલ. બીલ્ટી પ્રમાણે ટેન્કરમાં કુલ ૨૦.૮૩૦ જેટલુ કેમીકલ ભરેલુ હતુ અને આ કેમીકલ હજીરા અદાણી કંપનીમાંથી ભરીને વડોદરા નંદેસરી ખાતે ખાલી કરવાનુ હતુ. આ ચોરી કરવા બાબતે ચાલકને પુછતાં તેઓએ પોતે પોતાના આર્થીક ફાયદા માટે પ્લાસ્ટીકના કેરબામા કાઢી ભરી લઇ વેચાણ આપવાનું હોવાનું જણાવેલ જેથી અમારી સાથેના હાજર કડીવાલા સાહેબે વિગતવારનુ પંચનામુ કરી લીધેલ અને આ કામની ફરીયાદ આદીત્ય બલ્ક કેરીયર ટ્રાન્સપાર્ટ હજીરા, સુરતના મેનેજર દીપસીંગનાઓએ ફરીયાદ આપેલી. મને

આંક–૬૫ થી રજુ થયેલ ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તેમાં રુબરુ તરીકેની સહી કડીવાલા સાહેબની છે તથા પી.એસ.ઓ. કોસંબા પા.સ્ટે. તરીકેની સહી મારી છે જે હુ ઓળખી બતાવુ છુ સદરહુ ફરીયાદને અમેએ કોસંબા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૬૯/૨૦૧૮, ઇ.પી.કા. ૪૦૭,૪૧૧,૧૨૦(બી)૩૪, મુજબની એફ.આઇ.આર. નોંધી આગળની તપાસ થવા માટે કડીવાલા સહેબનાઓને ડેપ્યુટ કરેલી. આ સીવાય બીજી કોઇ કાર્યવાહી કરેલી નહી."

ત્યારબાદ, સદરહું સાહેદની આરોપીઓ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ફરીયાદીએ તેઓ આદીત્ય બલ્ક કેરીયર ટ્રાન્સપોર્ટ હજીરા, સુરતના મેનેજર તરીકે નોકરી કરે છે તે બતાવતો કોઇપણ દસ્તાવેજી પુરાવો મારી સમક્ષ રજુ કરેલો નહી. એ વાત ખરી છે કે ફરીયાદીએ ફરીયાદમાં કેમીકલ કયા પ્રકારનુ છે તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીએ કોઇ લેખીતમાં ફરીયાદ આપેલી નહી. એ વાત ખરી છે કે ફરીયાદી ફરીયાદ આપતા પહેલા અમારા પી.એસ.આઇ. કડીવાલા સાહેબને મળેલા. એ વાત ખરી છે કે ફરીયાદી અને કડીવાલા સાહેબ વચ્ચે શુ વાતચીત થયેલી તેની મેન ખબર નથી. એ વાત ખરી છે કે ફરીયાદીએ જે આરોપીઓના નામ લખાવેલા તે બાબતે કોઇ દસ્તાવેજી પુરાવો આપેલ ન હતો. એ વાત ખરી નથી કે આખી ફરીયાદ અમારા પી.એસ.આઇ. કડીવાલા સાહેબે લખાવેલી. એ વાત ખરી છે કે ફરીયાદીએ બનાવનુ સ્થળ બતાવવા માટે કોઇ દસ્તાવેજી પુરાવો મારી સામે રજુ કરેલ ન હતો. એ વાતની મને ખબર નથી કે ફરીયાદીને કોસંબા પો.સ્ટે. ધણી વખત ફોન કરીને બોલાવવા છતા આવેલા ન હતા. એ વાત ખરી નથી કે ફરીયાદીએ ખોટી ફરીયાદ દાખલ કરાવેલી હતી. એ વાત ખરી નથી કે ફરીયાદ સમયે પી.એસ.ઓ. ના રુમમાં કોમ્પ્યુટર ન હતુ. એ વાત ખરી છે કે મે ફરીયાદ જાતે ટાઇપ કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે જાતે ટાઇપ કરેલ ન હોવાથી મને ફરીયાદની હકીકતની જાણકારી નથી. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરુધ્ધ કોઇપણ પ્રકારનો ગુનો બનતો ન હોવા છતા ખોટી ફરીયાદ દાખલ કરેલી અને તેના સમર્થનમાં હુ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૯) ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકા પરથી પુરવાર કરવાનો હોય છે. ફરીયાદપક્ષે હાલના કામે ફરીયાદપક્ષે રેડમાં જઈ મુદ્દામાલ કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદોને તપાસેલા છે. તેઓએ પંચનામામાં ફકત પોતાની સહીઓ જ ઓળખી બતાવેલ છે. તે સિવાય અન્ય સદરહું પંચનામાની અન્ય કોઇ હકીકતોને સમર્થન નહિ આપતાં તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી તેઓની ફરીયાદપક્ષે ઉલટ તપાસ કરવા છતાં પણ તેઓએ ફરીયાદપક્ષના કેસને લેષમાત્ર સમર્થન આપેલ નથી. ત્યારબાદ, તેઓની આરોપીઓ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતોને સમર્થન આપેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી પંચનામામાં શું લખેલું તેની તેઓને ખબર નહિ હોવાનું જણાવેલ છે.

ત્યારબાદ, ફરીયાદપક્ષે આંક–૫૩ થી પોલીસ સાહેદ ગુલાબભાઇ થોરાતને તથા આંક–૫૯ થી હરેશ રબારીને તપાસેલ છે, સદરહું સાહેદ એક પોલીસ સાહેદ હોય, તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ છે. ત્યારબાદ, ફરીયાદપક્ષે આંક–૫૪ થી સાહેદ મુનાફ મેમણનો પુરાવો રજુ કરેલ છે. સદરહું સાહેદે જણાવેલ છે કે, તેમનો ટેમ્પો હાલના કામે પોલીસે કબ્જે કરેલો. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓ મુદ્દામાલ જોઇને ઓળખી શકે નહિ.

ત્યારબાદ, ફરીયાદપક્ષે આંક–૬૪ તથા ૬૬ થી હાલના કામના ત.ક.અમલદારોનો પુરાવો રજુ કરેલ છે, સદરહું સાહેદો પણ પોલીસ સાહેદો હોય જેથી, તેઓએ તેમની તપાસને અનુરૂપ પુરાવો રજુ કરેલ છે. આ કામે આરોપીઓ ઉપર આઇ.પી.સી. ની કલમ ૪૦૭ ના ગુનાનો આક્ષેપ કરવામાં આવેલ છે ત્યારે પકડાયેલ મુદ્દામાલ સંબંધે કોઇ ખાનગી વયક્તિ દ્વારા ફરીયાદ કરેલ હોય તેવા કોઇ સાહેદ આ કામે તપાસેલ નથી કે પકડાયેલ મુદ્દામાલ કેમીકલ કોના દ્વારા આરોપીઓને સોંપવામાં આવેલ હતો તે સંબંધે કોઇ પુરાવો ત.ક.અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ નથી. આમ, હાલના આરોપીઓએ ફરીયાદપક્ષે આક્ષેપ કરેલ ગુનાઓ કરેલ હોવાનું નિશંકપણે પુરપાર થતું નથી.

આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કો. કલમ- ૪૦૭, ૧૨૦(બી), ૩૪ તથા ૪૧૧ અન્વયેનું તહોમત નિશંકપણે પુરપાર કરી શકેલ નથી, જેથી, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસી. કોડની કલમ- ૨૪૮(૧) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ- ૪૦૭, ૧૨૦(બી), ૩૪ તથા ૪૧૧ મુજબનાં સજાને પાત્ર ગુના માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો વેલ્યુએબલ મુદ્દામાલ અંગે જો નામદાર કોર્ટે અગાઉ હુકમ કરેલ હોય તો તે આથી યથાવત રાખવાનો હુકમ કરવામાં આવે છે અન્યથા સદરહું મુદ્દામાલની માલિકીની ખરાઇ કરી તેઓને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓએ ક્રિ.પ્રો. કોડની કલમ ૪૩૭ (એ) અન્વયે અપીલ સમયની મુદતનાં રૂા.૫,૦૦૦ /- ના જામીન તથા જાતમુચરકા રજૂ કરવા.

હુકમ આજ તારીખ- ૧૫ મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(જે.એસ. પરમાર)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજી.,
માંગરોલ, જી.સુરત.
(**Judge Code: GJ01155**)